Research Review ISSN: 2321- 4708
The Refereed & Peer Review International Journal June 2016, Year - 4 (38)
www.researchreviewonline.com Paper ID: RRJ838761

# સુરેશ જોષીની કવિતામાં નગરસંસ્કૃતિના ભાવસંવેદનો

સંશોધક
ક્રિષ્ણાબેન કે. શાંડપા
આસીસ્ટન પ્રોફેસર
ડી. એન. પી. આર્ટસ અને કોમર્સ કોલેજ, ડીસા

નર્મદ જો અર્વાચીનમાં આદ્ય હોય, તો સુરેશ જોષી આધુનિકોમાં આદ્ય છે. ગુજરાતી સાહિત્યના બંધિયારપણાને ચેતનાનો નવો પ્રવાહ આરંભ કરનાર સુરેશ જોષી છે. ઈ.સ.૧૯૫૫ પછી સાહિત્યના વહેણોમાં ધરખમ ફેરફાર આવ્યા. સુરેશ જોષીએ સાહિત્યજગતને કંઈક નવું વિચારવા પ્રેર્યા. કવિ સુરેશ જોષીનું સર્જન વિશ્વનું એક અત્યંત અાગળ તરી આવતું લક્ષણ તે તેની પ્રયોગશીલતા છે. આ સર્જનવિશ્વનો પ્રયોગલક્ષિતાની જેમ આધુનિકતા સાથે પણ ઊંડો સંબંધ રહ્યો છે. તેમની પાસેથી કાવ્યસંગ્રહો 'ઉપજાતિ' (૧૯૫૬), 'પ્રત્યેચા' (૧૯૬૧) અને 'ઈતરા' (૧૯૭૩)માં પ્રાપ્ત થાય છે.

"પ્રત્યંચા' કાવ્યસંગ્રહના પ્રકાશ વખતે આગળના 'ઉપજાતિ' સંગ્રહને કવિ રદ જાહેર કરે છે. 'પ્રત્યંચા' અને 'ઉપજાતિ' કાવ્યસંગ્રહમાં નખશિખ આધુનિકતાનો સૂર પ્રકટતો નથી. પરંતુ "ઈતરાની કેટલીક રચનાઓ અને 'તથાપિ'ની દીર્ઘકાવ્ય રચનાઓમાં આધુનિકતાનો સૂર અવશ્ય પ્રગટતો જોવા મળે છે.

કવિશ્રી સુરેશ જોષીની કવિતામાં જીવન અને મરણના ભાવસંવેદનો અને એકલતા, શૂન્યતા, વિષમતાના ભાવો આલેખાયા છે તેમ નગરજીવનમાં જીવતા માણસનાભાવસંવેદનો કવિએ વર્ણાવ્યા છે. નગરસંસ્કૃતિના ભાવસંવેદનો 'ચાર વિડબન', 'Nad છે કે મારા', 'મૃણાલ', 'થાક', 'પાંચ અંકનું નાટક', 'કોઈક ગયેલા સિકકા', 'સમ્ભવ છે. 'હજી નથી ભૂલ્યો', ને 'નમેલી સાંજ' વગેરે રચનાઓમાં નગરસંસ્કૃતિના ભાવસંવેદનો આલેખ્યા છે. 'ચાર વિડમ્બના' કાવ્યમાં સંક્ષિપ્ત રામાયણમાં કવિએ અયોધ્યાનગરીના પુરાકલ્પન દ્વારા આધુનિક નગરીનું વર્ણન કર્યું છે.

" નગરી અયોધ્યતણો નથી કે જોજનનો વિસ્તાર
સાંકડી બે ઓરડીમાં તો યે મહિમા એનો અપરંપાર ।"

***

"બે ઓરડીને વચ્ચે વ્યાપ્યો મીન તણો મહાસાગર
સેતુઓ બંધાય ખરા પણ રહે નહિ કો સ્થાવર, "(સુરેશ જોશીનુ સાહિત્યવિશ્વ કવિતા-.પૃ.૩૩)

અયોધ્યાનગરી દ્વારા કવિએ આધુનિક નગરીની વાત મૂકી આપે છે. મહાનગરોમાં રોટલો તો મળે છે પણ ઓટલો મળતો નથી. બે ઓરડીમાં રહેતા માનવ વચ્ચે સેતુ બંધાય છે. પણ તે સેતુ સ્થાવર રહી શકતા નથી. માનવસંબંધોનું આયુષ્ય જોવા મળતું નથી, આમ કવિએ આ બે ઓરડીને મૌનના મહાસાગર સાથે સરખાવી છે.

'કટાઈ ગયેલા સિક્કા' કાવ્યમાં કવિએ 'શહેરોનાં પૂતળાઓ' શબ્દ પ્રયોજી આધુનિક મહાનગરોની મૂર્તતાની ભાવના વ્યકત કરી છે :

"તું તારા પ્રતિબિમ્બનો પહેરો ગોઠવશે ?
તારા શહેરનાં પૂતળાઓ વચ્ચે વહેંચી આપેલી
મારી અમરતા
તું તારા અસ્થિમાં કંડારી લેશે? " (સુરેશ જોશીનુ સાહિત્યવિશ્વ કવિતા પૃ.૫૮)

ઉપરોકત પંકિતમાં 'અમરતા' અને 'અસ્થિ' બંને જીવન અને મરણનો ઉલ્લેખ કરે છે. શહેરમાં રહેનાર માનવી અસ્થિરૂપ જીવન જીવે છે. નગરો શહેરોમાં વસતો માનવઅમરતામાંથી અસ્થિ તરફ ધકેલાઈ જાય છે. 'સમ્ભવ છે' કાવ્યમાં કવિએ મહાનગરોની નિર્જનતાને વર્ણવી છે :

"તને નજરાણામાં ધરું છું.
મહાનગરોની નિર્જનતાને તારા પ્રશસ્ત લલાટ પર
રઝળતી મૂકું છું. " (સુરેશ જોશીનુ સાહિત્યવિશ્વ કવિતા પૃ.૫૯)

મહાનગરોએ માનવીના જીવનો નિરસ અને નિર્જન કરી મૂકયાં..'મૃણાલ' અછાંદસ રચનામાં કવિએ નગરમાં રહેતા લોકોના મૌનમાંથી વ્યકત થતી વેદના વર્ણવી છે.

"મારો અવાજ
થોરને કાંટો ફૂટે તેમ એ ફૂટે છે મારો કણ્ઠે
મોટા શહેરના મધરાત વેળાના નિર્જન ચોકનું
કણસતું મૌન
શહેરને ખૂણે ખૂણે દૃઢ આસને બેઠેલાં પૂતળાંઓને
વીંટળાઈ વળેલી નિઃસંગતા
બારાખડીના ખોડા વ્યંજનોની જેમ અથડાતા આ લોકો
સિગારેટના ધોળા કાગળનાં પાંદડાવાળું ઝાડ
એના પર ચાવી આપેલાં એલાર્મ કલોકનાં પંખી
એની છાયામાં બે ખોટા સિકકા જેવા સરખા પ્રેમી
થિયેટરોની નિયોન લાઈટનો કામુક ઘોંઘાટ
ગંદી અફવાની જેમ પ્રસરતો પવન
વારાંગનાના મેલા દર્પણ જેવી નદી
જાહેરખબરના પોસ્ટર જેવું ચોંટાડેલું આકાશ
સાત લંગડા થોડાને શોધતો સૂરજ
ભૂવાની ડાકલીના ફિક્કા પડવા જેવો ચન્દ્ર "(સુરેશ જોશીનુ સાહિત્યવિશ્વ કવિતા પૃ.૬૬)

**Research Review** **ISSN: 2321- 4708**
**The Refereed & Peer Review International Journal** **June 2016, Year - 4 (38)**
**www.researchreviewonline.com** **Paper ID: RRJ838761**

નગરમાં રહેતા માનવની વેદના વ્યકત થઈ છે. નગરની વેદનાને પ્રકૃતિના તત્વો દ્વારા મૂકી આપી છે. થોરને કાંટો ફૂટે તેમ કવિને વેદનાની અનુભૂતિ થાય છે. કાંટો એ વેદનાના પ્રતિક રસમાન બની રહે છે. મહાનગરોની મથરાતોમાં નિર્જન ચોકનું કણસતું મૌન એ માનવના મૌનનું સૂચન કરે છે. એકલતાની અનુભૂતિ કરતા માનવની વાત કરી છે. મણાનગરોમાં દરેક ખૂણે માનવની મેદની જોવા મળે છે. આ માણસોને કવિએ પૂતળાં સાથે સરખાવ્યાં છે. શહેરોમાં આમ – તેમ ભટકતા લોકો માટે કવિએ સુંદર ઉપમા પ્રયોજી છે. અટકના લોકો માટે કવિએ 'બારાખડીના ખોડા શબ્દ પ્રયોગ કર્યો છે. 'સિગારેટના ધોળા કાગળનાં પાંદળાવાળું ઝાડ' – એ સિગારેટના ધુમાડાનો ઉલ્લેખ કરે છે. આ ધુમાડાથી પ્રદૂષણ અને તેનું જીવન બંને જોખમમાં મૂકે છે. રાતે જાગનાર અને સવારે ઉઠવા માટે એલામ કલોક મૂકવામાં આવે છે. મહાનગરનો વિશેષ પરિચય માનવજીવનમાં કરાવતા કવિ કઓ છે. અહીં થિયેટરોની નિયોન લાઈટનો કામુક ઘોંઘાટ, અશુધ્ધ વાયુ, વારાંગનાના મેલા દર્પણ જેવી નદી (ઔદ્યોગીકરણને કારણ અશુધ્ધ જળાશયો) ઔદ્યોગીકરણ અને અન્ય પ્રદૂષણને કારણે આકાશ જાહેરખબરના પોસ્ટર જેવું ચોટાડેલું લાગે છે. સૂરજ, ચન્દ્ર વગેરેનો પણ ઉલ્લેખ કરી કવિએ આધુનિક જીવનનો પરિચય કરાવ્યો છે. જયાં શ્વાસમાં જ ઝેર છે એવા નગરો માનવજીવનને મોતને ઘાટ ઉતારે છે. આગળ કવિ કહે છે :

``શહેરના બાગમાં ફૂલોની શિસ્તબધ્ધ કવાયત
પાનની દુકાનના અરીસાઓની ચાલે મસલત. "(સુરેશ જોશીનુ સાહિત્યવિશ્વ કવિતા પૃ.૬૮)

શહેરના બાગમાં ફૂલોની શિસ્તબધ્ધતા નજરે પડે છે. તો બીજી બાજુ પાનની દુકાનો પર વ્યસનમાં ફસાયેલ એવા અશિસ્તનું ચિત્ર રજૂ થાય છે. નગરજીવનમાં માનવ સારું જીવન જીવવામાં તેનું આંતરિક જીવનને ઢંઢોળી નાંખે છે. રોગનો ભોગી બને છે. 'મૃણાલ' કાવ્યમાં જ કવિ શહેરના ટોળામાં ભૂંસાતો ચહેરો જોવે છે.

"શહેરના ટોળામાં ભૂંસાતો કરું છું મારો ચહેરો "(સુરેશ જોશીનુ સાહિત્યવિશ્વ કવિતા પૃ.૭૧)

નગરોમાં જીવતો માનવ મેદનીમાં તો રહે છે પણ આ માનવમેદનીમાં તેને પોતાનો વહેરો મળતો નથી.

'થાક' કાવ્યમાં કવિએ નગરને રાજધાની કહીને સંબોધે છે.

" ખણ્ડેર થઈ ગયેલી જગતની રાજધાનીઓની
રજ ચોંટી છે મને,
પ્રલયોને હું શ્વસી ચૂકયો છું.
હવે થાક લાગ્યો છે "(સુરેશ જોશીનુ સાહિત્યવિશ્વ કવિતા પૃ.૯૮)

નગરોમાં રહીને કવિને હવે થાક લાગ્યો છે. જગતની રાજધાનીઓ ખદોર થઈ છે. એનો અર્થ અહીં આ રાજધાનીમાં રહેતો માણસ પ્રલયના શ્વાસને અનુભવી ચૂક્યો છે. માટે કવિને થાક લાગે છે. રાજધાની શબ્દપ્રયોગ દ્વારા આધુનિક નગરજીવનો ચિતાર આપ્યો છે. 'પાંચ અંકનું નાટક' – અછાંદસ કવિતામાં કવિએ નગરસંસ્કૃતિની નરવી વાસ્તવિકતાનુંદર્શન કરાવ્યું છે.

" સિગારેટની અનેક બ્રાન્ડ બદલીને હવે
પાઈપને યોગ્ય ખૂણે ગોઠવતો હશે.
વાંચતો હશે માત્ર રેલવેનું ટાઈમટેબલ

અને ટેલિફોનની ડિરેકટરી
રાતના દસે ઘરે પહોંચતી વેળાએ
જાગી ઊઠતા અન્તરાત્મ સાથે ઝઘડતો હશે
એકાદવાર છાનો છાનો આપઘાતના સાહસનો
વિચાર કરી જોયો હશે -
પછી એ વિચારને વ્હીસ્કીમાં ઓગાળીને
ગટગટાવી ગયો હશે. "(સુરેશ જોશીનુ સાહિત્યવિશ્વ કવિતા પૃ.૭૯)

ઉપરોકત પંક્તિમાં સિગારેટ, પાઈપ, ટેલિફોન, રેલવે. વ્હીસ્કી .... વગેરે શબ્દો મનુષ્યની મૃત્યુની ભીંસ સૂચવે છે. નગરની ભવ્યતા ભરેલી જિંદગી જેવી દેખાઈ છે અવી છે નહી. અહીં ભૌતિક સુખથી ભરેલ માણસ આંતરિક સખથી ખોખલો જોવા મળે છે. પાઈપ, સિગારેટ, વ્હીસ્કી.... વગેરે વ્યસની બની જીવનને ટૂંકાવતો બતાવાયો છે. નગરજીવનની કરુણતાનું દર્શન થાય છે. કોઈકવાર' અછાંદસ રચનામાં કવિ નગરની ભવ્યતાનું વર્ણન કરતા કહે છે ?

"ઈટ, લાકડું, લોખંડ અને કાચમાં પુરાઈને રહેતો હતો
ત્યારે એ વધારે સહેલું હતું
બારી હતી, બારણાં હતા,
જેટલો ઘરમાં હતો, તેટલો બહાર હતો." (સુરેશ જોશીનુ સાહિત્યવિશ્વ કવિતા પૃ.૧૦૨)

ઉપરોકત પંકિતમાં ' ઈટ, લાકડું, લોખંડ....વગેરે શબ્દપ્રયોગ દ્વારા કવિએ આધુનિક નગરજીવનનો પરિચય કરાવ્યો છે. ભવ્યતાનું દર્શન કરાવતા મકાનો છે, ઘરો છે, બારી-બારણાં છે. માણસ ઘરમાં તો રહે છે પણ મન ઘરની બહાર ફરતું જોવા મળે છે. દુનિયાનો છેડો ઘર કહેવાય છે. પણ મહાનગરમાં જીવતો માણસ ઘરમાં પણ શાંતિનો અનુભવ કરી શકતો નથી.

'તથાપિ' કાવ્યસંગ્રહનું 'હજી નથી ભૂલ્યો' કાવ્યમાં કવિએ નગરનો ઉલ્લેખ કર્યો છેઃ

"હજી નથી ભૂલ્યો તને
નગરની અડોઅડ ઘર આપણું એ " (સુરેશ જોશીનુ સાહિત્યવિશ્વ કવિતા પૃ.૧૨૨)

નગરની અડોઅડ ઘર આપણું એમ કહી કવિ નગરસંસ્કૃતિથી વંચિત રહી શક્યા નથી એમ નિર્દેશ કરે છે. 'નમેલી સાંજમાં' કવિએ મકાનોનું વર્ણન કંઈક અલગ રીતે કરીઆપ્યું છે. મકાનોમાં ધાબા ભૂખરા પથ્થરના કે લીલા બાઝેલી તખતીના છે. એ લોકોનો શ્વાસ ધુમાડિયામાંથી બહાર વહે છે. ટોળામાં રહેતા માણસોની વાસ એ કતલખાનાની વાસી ગંધ જેવી છે.

"હે આકાશ સામે ખડકાયેલી નગરી !
ચીકણાસ! એની એ વાસી હવાનો શ્વાસ લેતા જીવ, અને અપવિત્ર લોકોના ઘરનો ધુમાડો – કારણકે દરેક નગરી
એટલે ઉકરડાનું ઢાંકણું." (સુરેશ જોશીનુ સાહિત્યવિશ્વ કવિતા પૃ.૧૬૪)

નાનકડી દુકાનની કાચની બારી પર ગરીબોનાં ઘર આગળના ગંદકીના ઢગલા પર ખારવાઓની વસતિમાંથી આવતી સસ્તા દારૂની વાસ પર પોલિસ ચોકીના આંગણામાં ડૂસકાં ભરતા ફૂવારા પર સીટી મારતાં નાનકડાં છોકરા પર અને જડબાની બખોલમાં થરકતા ગાલવાળા ભિખારીનું વર્ણન કવિએ નમેલી સાંજમાં કર્યું છે. આમ, કવિ સુરેશ જોષીની પાસેથી નગરસંસ્કૃતિની કવિતાના વિવિધ ભાવસંવેદનો જોવા મળે છે.

## સંદર્ભસૂચિ


- છ અક્ષરનું નામ લે. રમેશ પારેખ
  પ્રવીણ પ્રકાશન,
  રાજકોટ ચોથી આ.૧૯૯૫
- સુરેશ જોશીનું સાહિત્યવિશ્વ( કવિતા): સંકલન - શિરીષ પંચાલ
  ગુજરાતી સાહિત્ય અકાદમી
  ગાંધીનગર - પ્ર.આ2005
- ગુજરાતી ગ્રંથશ્રેણી:૪૩ (સુરેશ જોષી) લે. ચંદ્રકાન્ત ટોપીવાળા
  ગ્રંથમ પ્રકાશક, અમદાવાદ પ્ર.આ. ૧૯૯૬
- ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથ-૭
  સં. રમેશ ર. દવે
- ગુજરાતી સાહિત્ય પરિષદ,
  અમદાવાદ પ્ર.આ.૨૦૧૫
- ગુજરાતી સાહિત્ય કોશ ખંડ-૨
  પકાશ ન. શાહ
  ગુજરાતી સાહિત્ય પ્રકાશન,
  અમદાવાદ પ્ર.આ. ૧૯૯૦